**નવા ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો શરૂ કરવા અંગેના અરજી પત્રક ભરતી વખતે સંસ્થાઓએ ધ્યાનમાં રાખવાની સુચનાઓ ( ફોર્મ સ્વયં સ્પષ્ટ છે. તેમ છતાં નીચેની સુચનાઓ ખાસ ધ્યાને લેવા વિનંતી છે.)**

---

૧ અરજી સાથે જે બિડાણ આપવાના છે તે તમામ સ્પષ્ટ અને વાંચી શકાય તેવા અને મુળ દસ્તાવેજ/ અથવા પ્રમાણિત નકલ ( સર્ટીફાઇડ ગેઝેટેડ અધિકારી દવારા કરેલા હોવા જોઇએ)

૨ અરજીના ક્રમ નં. ૫ માં સંસ્થા જે પણ સમાજ કલ્યાણ કે શૈક્ષણિક સંસ્થા ચલાવતા હોય (અગાઉ ચલાવેલ હોય તેની વિગત આપવાની રહેશે. જો માહિતી શૂન્ય હોય તો તે પ્રમાણે ઉલ્લેખ કરવાનો રહેશે )

૩ ક્રમ નં. ૧૯ માં જે તે સ્થળે શિક્ષણની સુવિધાઓનો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો છે. તેમાં સ્કુલનું નામ, કયા ધોરણ સુધી શિક્ષણ આપવામાં આવે છે ? અભ્યાસ કરતાં આદિવાસીના બાળકોની વિગત દર્શાવવી પડશે.

૪ ક્રમ નં. ૧૧ માં મકાનનો સૂચિત નકશો પુરી વિગતો સાથે બીડવાનો રહેશે. મકાન અંગે સબંધિત પંચાયત રજીસ્ટરનાં આકારણી પત્રકના ઉતારાની પ્રમાણિત નકલ તથા ભાડાના મકાનના કિસ્સામાં મકાન માલિકનું સંમિત પત્રક સામેલ કરવાનું રહેશે. સીટી વિસ્તારમાં પ્રોપ્રર્ટી કાર્ડની નકલ અથવા સબંધિત નગરપાલિકના આકારણી બીલની નકલ.

૫ ક્રમ નંબર-૭ માં બેન્ક બેલેન્સ સર્ટી રજુ કરવાનું છે. તે બેન્ક બેલેન્સ સર્ટી જે તારીખે નવા છાત્રાલયની વર્તમાનપત્રોમાં જાહેરાત પ્રસિધ્ધ થાય તે તારીખનું અથવા અરજી ફોર્મ સ્વીકારવાની આખર તારીખ સુધીમાં અરજી કરે ત્યાં સુધીનું રજુ કરવાનું રહેશે. પ્રમાણપત્ર અસલમાં રજુ કરવાનું રહેશે.

૬ અધુરી અરજીઓ તથા મળેલ મુળ/ પ્રમાણિત દસ્તાવેજ/ આધારો રજુ કરેલ ન હોય તો અરજી રદ ગણવામાં આવશે.

૭ સંસ્થાએ નીચે જણાવેલ દસ્તાવેજો/પુરાવાઓ અરજી સાથે બીડવાના રહેશે. ( અસલમાં તથા પ્રમાણિત નકલ.)

  ૧ સંસ્થાના બંધારણની નકલ.

  ૨ સંસ્થાના રજીસ્ટેશનની નકલ

  ૩ તાજેતરના બેન્ક બેલેન્સ સર્ટીફીકેટની અસલ નકલ..

  ૪ હોદેદારોના નામ તથા પુરા સરનામા

  ૫ નાણાંકીય પત્ર વ્યવહાર સંસ્થાના કયા કોદેદાર સાથે કરવાનો છે ? તે અંગે વ્યવસ્થાપક સમિતિ અથવા સામાન્ય સભાના ઠરાવની નકલ બીડવી.

૬ પછાતવર્ગ છાત્રાલય માટેના હાલના નિયમો અને હવે પછી થનાર ફેરફાર અને આદિજાતિ વિકાસ વિભાગ અને નિયામક, આદિજાતિ વિકાસ તરફથી મળેલ વહીવટી અથવા બીજી સુચનાઓનું પાલન કરવા સંમત થાય છે કે કેમ ? તે અંગે વ્યવસ્થાપક સમિતિના ઠરાવની નકલ બીડવી.

૭ સૂચિત નકશો બીડવો.

૮ છાત્રાલય જે મકાનમાં શરૂ કરવાનું હોય તે મકાનના આકારણી પત્રકની નકલ બીડવી.

૯ છાત્રાલય જો ભાડાના મકાનમાં શરૂ કરવાનું હોય તે મકાન ભાડે આપવા અંગેનું મકાન માલિકનું કબુલાતનામું બીડવું.

૧૦ સંસ્થાના છેલ્લા વર્ષના ઓડિટ સ્ટેટમેન્ટની નકલ બીડવી.

૧૧ સંસ્થા દવારા ચલાવવામાં આવતી અન્ય સમાજ કલ્યાણ અથવા શૈક્ષણિક પ્રવૃતિઓની વિગતોનું પત્રક આપવું.

૧૨ જે તે સ્થળે ચાલતી માધ્યમિક શાળાની વિગત તથા તેમાં આદિવાસી બાળકોની સંખ્યાની વિગત આપવી.

૧૩ સંસ્થા દવારા અનુ.જનજાતિ/ અન્ય જાતિના છાત્રાલયો ચલાવવામાં આવતા હોય તો તેના સ્થળ, માન્ય સંખ્યા વગેરે પુરી વિગતો આપવી.

૧૪ સંસ્થા દવારા સૂચિત છાત્રાલયમાં માન્ય સંખ્યાના ૧૦ ટકા આર્થિક પછાતવર્ગના વિધાર્થીઓને પ્રવેશ આપવા અંગેનું બાંહેધરી પત્રક.

૧૫ જે સ્થળે હાલ છાત્રાલય ના હોય તે સ્થળે જ છાત્રાલયની પસંદગી કરવામાં આવશે.

૧૬ છાત્રાલયની પસંદગીમાં પછાત અને ઉંડાણ વિસ્તારોને પ્રાથમિકતા આપવામાં આવશે.